## પ્રકરણ–૧૭

## અન્ય ઉપયોગી માહિતી

### ૧૭.૧ લોકો દવારા પુછાતા પ્રશ્નો અને તેના જવાબો :–

સામાન્ય રીતે લોકો દવારા જમીનની માંગણી, જુદા–જુદા વિષયો સબંધિ દાખલ થયેલી અપીલ અરજીઓ/ વિવાદ અરજીઓ સબંધિ નકલોની માંગણી, નગરપાલિકા તરફથી મળેલ જવાબો સામે અસંતોષ સબંધિ રજુઆતો, નાની બચત યોજના તથા મધ્યાહન ભોજન સબંધિ રજુઆતો તથા પુરવઠા વિષયક બાબતો અંગેની સમસ્યાઓ લોકોને નડતી હોય છે. આ માટે રાજય કક્ષાથી તાલુકા કચેરી સુધી અધિકારી તથા કર્મચારીઓનું માળખુ સરકારશ્રી દવારા નિયત થયેલ છે. જે તંત્ર દવારા લોકોની સમસ્યાઓ તથા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવે છે.

### ૧૭.૨ માહિતી મેળવવા અંગેના અરજીપત્રકો, તે સબંધિ ફી, અરજી કરવાની પધ્ધતિ તથા તે સબંધિ માર્ગદર્શન તેમજ માહિતી આપવના ઈન્કારના કિસ્સામાં અધિકાર તેમજ અપીલ કરવા સબંધિ કાર્યવાહીઃ

ભારત સરકાના માહિતીના અધિકાર બાબતોનો અધિનિયમ–૨૦૦૫ હેઠળની કલમ–૨૭ અન્વયે રાજય સરકારશ્રીએ ગુજરાત રાઈટ ટુ ઈન્ફોર્મેશન રૂલ્સ–૨૦૦૫, તા.૫/૧૦/૦૫ ના રોજ ગેઝેટમાં પ્રસિધ્ધ કરેલ છે. તે રૂલ્સ મુજબ નમુનાની અરજી, ફીનું ધોરણ વિગેરે બાબત નીચે મુજબ નકકી થયેલ છે.

૧. આ કાયદા હેઠળ હવેથી માહિતી મેળવવા અરજદારે નમુના–ક માં અરજી કરવાની રહેશે.

૨. માહિતી માટે અરજી દિઠ રૂા.૨૦/– ની ફી લેવા પાત્ર બને છે.

૩. તે સિવાય વેચાણ માટેના પ્રકાશન સ્વરૂપે માહિતી ઉપલબ્ધ હશે તો પ્રકાશનને નિયત કરેલ કિંમત લેવામાં આવશે. અને વેંચાણ માટેના પ્રકાશન સિવાયની માહિતી માટે નિયત કરેલ પાના દિઠ ચુકવવાની થતી ફી ચુકવવાની રહેશે.

૪. અરજદારે નમુના – ઘ ની અરજી નિયુકત થયેલ જાહેર માહિતી અધિકારીને રજુ કરવાની રહેશે.

૫. અરજી સ્વીકાર્યાની પહોંચ નમુના – ખ માં આપવામાં આવશે.

૬. માંગેલ માહિતી ક્ષેત્રાધિકાર બહારની હોય તે સંજોગોમાં નમુના –ચ માં પાવતી આપવામાં આવશે.

૭. સ્વીકારેલ અરજીના સંદર્ભમાં અરજી ચકાસતાં જો માહિતી આપી શકાય તેમ ન હોય, તો નમુના – છ મા અસ્વીકૃતિનો પત્ર અરજદારને પાઠવવામાં આવશે.

૮. જયારે ઉપલબ્ધ માહિતી નમુના –ઘ માં ઉપલબ્ધ કરવામાં આવશે.

૯. નમુના – છ ના હુકમથી નારાજ વ્યકિત આ અધિનિયમ હેઠળ અપીલ અધિકારી તરીકે જેમને નિયત કરેલ છે તેવા અપીલ અધિકારીને નમુના –જ માં ધોરણસરની ફી ભરીને અપીલ કરી શકશે.

### ૧૭.૩ જાહેર તંત્ર દવારા લોકોને અપાતી તાલીમની બાબત :–

કલેકટર કચેરી દવારા લોકોને ખાસ પ્રકારની તાલીમ અપાતી નથી. પરંતુ જયારે જયારે ચુંટણી યોજવાના પ્રસંગો બને છે. ત્યારે મતદારોને જરૂરી માર્ગદર્શન પુરુ પાડવા ઈલેકટ્રોનીક વોટીંગ મશીન સહિત માસ્ટર ટ્રેઈનરો દવારા જાહેર જનતા માટે સ્થળ સુનિશ્ચિત કરીને નિદર્શનો ગોઠવી જરૂરી માહિતી / તાલીમ અપાય છે. વળી સરકારશ્રીના અનુદાનથી ચાલતી અને મહેસુલી કચેરીઓ મારફત નિયંત્રણ રખાતું હોય તેવી સંસ્થાઓ આવી તાલીમ સબંધિ પ્રવૃતિઓ સમયસર અને સાચા અર્થમાં યોજે તે માટેના પ્રયત્નો હાથ ધરાય છે.

**૧૭.૪ નિયમ સંગ્રહ–૧૩ માં સમાવિષ્ટ ના હોય તેવા જાહેર તંત્રએ આપવાના પ્રમાણપત્રો, ના–વાંધા પ્રમાણપત્રો :–**

નિયમ સંગ્રહ–૧૩ માં સમાવિષ્ટ ના હોય તેવા કોઈ પ્રમાણપત્ર અને ના–વાંધા પ્રમાણપત્ર આપવામાં આવતા નથી સમયાંતરે અરજદાર તરફથી આવી કોઈ જરૂરીયાત ઉપસ્થિત થાયતેવા કિસ્સામાં જાહેર માહિતી અધિકીરનો સંપર્ક કરી જરૂરી માહિતી મેળવી શકાય છે.

**૧૭.૫ નોંધણી પ્રક્રિયા અંગે :–**

અત્રેની કચેરીએથી નોંધણી સંબંધિ કોઈ કાર્યવાહી હાથ ધરાતી નથી.

**૧૭.૬ જાહેર તંત્રે કર ઉઘરાવવા અંગે :–**

અત્રેથી આવા કોઈ કર સીધા ઉઘરાવવામાં આવતા નથી. જમીન મહેસુલને લગતી બાબતો અંગે ગ્રામ્ય તથા તાલુકા કક્ષાએ ગોઠવેલ તંત્ર મારફતે આ કામગીરી થાય છે.

**૧૭.૭ વીજળી / પાણીના હંગામી અને કાયમી જોડાણો આપવા અને કાપવા અંગે :–**

આ કચેરીએથી આવી કોઈ કામગીરી થતી નથી.